## સંક્ષિપ્ત સમાચાર

### છોટાઉદેપુર સાંસદની ફર્ટીલાઈઝર કમિટીના સભ્ય પદે નિમણૂંક કરાઈ



**છોટાઉદેપુર :** છોટાઉદેપુર લોકસભાના સાંસદ જશુભાઈ રાઠવા અને લોક પ્રિય નેતા જે સરપંચ પદ થી લઇ પાર્લામેન્ટ સુધી સાંસદ સભ્ય તરીકે પ્રથમ વખત ચૂંટાઇ આવ્યા બાદ સરકાર દ્વારા વધુ એક જવાબદારી તેમના શિરે આપવામાં આવતા આદીવાસી સમાજ નુ નામ રોશન કર્યું છે ત્યારે. સાંસદ જશુભાઈ રાઠવા ને ઘટિત કેમિકલ અને ફર્ટિલાઇઝર કમિટીના સભ્ય બનાવવા માં આવતા કાર્યકરો અને સમર્થકોમાં ખુશી છવાઈ ગઈ છે. છોટાઉદેપુર લોક પ્રિય જશુભાઈ રાઠવા જે નાનામાં નાના કાર્યકરો ને પણ જમીની હકીકત જાણી સાથે લઇ ચાલનારા નેતા તરીકે ઊભરી આવ્યા છે. સાંસદ જશુભાઈ રાઠવા તેમને વધુ એક જવાબદારી તેમના શિરે આપવામાં છોટાઉદેપુર લોકસભા મત વિસ્તારના કાર્યકરો અને પરિવારજનોમાં ખૂશી છવાઈ ગઈ હતી. સાંસદ જશુભાઈ રાઠવા ને ઘટિત કેમિકલ અને ફર્ટિલાઇઝર કમિટીના સભ્ય બનાવવામાં આવ્યા છે.

### કાલોલ તાલુકાના અલવા પગાર કેન્દ્ર આચાર્યનો વયનિવૃત્તિ કાર્યક્રમ યોજાયો



**કાલોલ :** આજ રોજ અલવા પગાર કેન્દ્ર ના આચાર્ય બેન પ્રેમિલાબેન હીરાભાઈ પટેલ નો વય નિવૃત્તિ સન્માન સમારોહ કાલોલ તાલુકા પંચાયત ના પ્રમુખ ના અધ્યક્ષ સ્થાને યોજાયો. જેમાં કાલોલ તાલુકાના નિવૃત્ત તાલુકા કેળવણી નિરીક્ષક, કાલોલ તાલુકાના બીટ નિરીક્ષક, રાષ્ટ્રિય શૈક્ષીક મહાસંઘ ના અધ્યક્ષ અને હોદ્દેદારો, કાલોલ ટીચર્સ સોસાયટીના ચેરમેન / વાઇસ ચેરમેન અને સેક્રેટરી , બી.આર.સી. કો. ઓ. કાલોલ, કાલોલ તાલુકાના પગાર કેન્દ્ર ના આચાર્યો , શુભેચ્છાઓ પાઠવાવમાં આવી હતી.

### સિંગવડના બોરગોટા ગામે ભારત કંપનીના પેટ્રોલ, ડીઝલ પંપનું લોકાર્પણ કરાયું



**સિંગવડ :** સિંગવડ તાલુકાના બોરગોટા ગામે નવીન ડીઝલ તથા પેટ્રોલ પંપ નું લોકાર્પણ 24 10 2024 ના રોજ દાહોદના સાંસદ લીમખેડા ધારાસભ્ય લીમખેડા પ્રાંત ઓફિસર નિનામા માજી ધારાસભ્ય ભારતીય જનતા પાર્ટી દાહોદ જિલ્લા ઉપપ્રમુખ સિંગવડ તાલુકા ભારતીય જનતા પાર્ટી પ્રમુખ સરપંચો તાલુકા પંચાયત સભ્યો જિલ્લા પંચાયત સભ્યો નાગરિકો ખૂબ મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. ભોજન ની વ્યવસ્થા હોય ભોજન લીધું હતું.

### કાલોલના શૈક્ષિક મહાસંઘના ઉપાધ્યક્ષની બદલી થતા ગ્રામજનોની અશ્રુભીની વિદાય



**કાલોલ :** પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકાની જંત્રાલ પ્રાથમિક શાળામાં સામાજિક વિજ્ઞાનના શિક્ષક અરવિંદકુમાર એન પટેલની શહેરા તાલુકાના પ્રાથમિક શાળા બદલી થવાથી તેમનો વિદાય સમારંભ રાખવામાં આવ્યો શિક્ષક કાલોલ તાલુકાના શૈક્ષિક મહાસંઘના ઉપાધ્યક્ષ તરીકે જવાબદારી તેમજ કાલોલ ના સામાજિક વિજ્ઞાનના માસ્ટર સ્ટેનર જવાબદારી નિભાવતા હતા. ગામ લોકોના મત મુજબ જંત્રાલ શાળામાં પણ તેઓ ખૂબ જ પ્રવૃત્તિમાં શિક્ષણકાર્ય કરતા હોવાથી ગામના લોકોના અને બાળકોના પ્રિય શિક્ષક હતા.

### લીમખેડા APMCના વાઈસ ચેરમેન પદે પપ્પુભાઈ શાહ બીનહરીફ ચૂંટાયા



**લીમખેડા :** લીમખેડા માર્કેટ યાર્ડ ની વાઈસ ચેરમેનની આજરોજ ચુંટણી યોજાઈ હતી જેમાં સર્વસંમતિ થી લીમખેડા નગરના અગ્રણી પપ્પુ ભાઈ (અંનિલ ભાઈ નગીનદાસ શાહ) બીનહરીફ જાહેર થયાં હતાં લીમખેડા ના આગેવાન ધનાભાઇ ભરવાડ તથા માર્કેટ ના ડીરેક્ટરોએ અભિનંદન પાઠવ્યા હતા. લીમખેડા નગરના અગ્રણી બીનહરીફ જાહેર થયાં હતા.

---

**પંચમહાલના ભંડોઇથી મેથાણ ગામે વચ્ચે વીજ કંપનીની બેદરકારીને લીધે દુર્ઘટનાનો આક્ષેપ**

# બાઈક સવાર પર જીવતો વાયર પડતાં 2 સગા ભાઈ સહિત 3 યુવકોના મોત

**પોતાના** ખેતરમાં ડાંગરની કાપણી માટે ગયા હતા

**ડાંગર** ઝુડી ઘરે પરત ફરી રહ્યા હતા ત્યારે થ્રીફેઝનો વાયર પડયો

**MGVCLના જવાબદાર અધિકારી સામે પગલાં લેવા પરિવારજનોની માગ**

ખેતરમાં ડાંગરના પાકની કાપણી કરવા જવા માટે જઈ રહ્યા હતા તે દરમ્યાન MGVCLની ઘોર બેદરકારીના કારણે જીવતો વાયર 3 બાઈક સવારો ઉપર પડતા તેઓની ઘટના સ્થળે કમકમાટી ભર્યું મોત નિપજ્યું હતું. આ બનાવમાં 2 યુવકો સગા ભાઈ છે, જયારે અન્ય યુવક તેમના સબંધીમાં થાય છે. આ ઘટના બનતા ગ્રામજનોને MGVCL તરફ ઘોર ધિક્કરાની લાગણી જોવા મળી રહી છે. આ બાબતે જવાબદાર અધિકારીઓ સામે પગલા લેવાની માંગ છે.

(પ્રતિનિધિ) શહેરા તા.27 પંચમહાલ જિલ્લાના મોરવા હડફના ભંડોઈ ગામના ત્રણ યુવકના વીજ કંરટ લાગવાથી મોત થયા હતા. જેમાં બે સગા ભાઈ ભુવનેશ્વર લક્ષ્મણભાઈ મકવાણા, આશિષ લક્ષ્મણભાઈ મકવાણા તથા ગણપત નારસિંગભાઈ પલાસ નો સમાવેશ થાય છે. વીજ કંપનીની બેદરકારીને કારણે આ દુર્ઘટના ઘટી હોવાનો પરિવાજનો આક્ષેપ લગાવી રહ્યાં છે. બાઈક ઉપર જતા 3 યુવકો પર જીવતો વીજતાર પડ્યો જીવતો વીજ તાર અચાનક તૂટ્યો

આ ઘટના અંગે ભંડોઈ ગામના ચોરા ફળિયામાં રહેતા લક્ષ્મણ કાળુભાઈ મકવાણાર પોલીસ કરિયાદમાં જણાવ્યુંતું કે આજેપોલીસ ફરિયાદમાં જણાવ્યું હતું કે, આજે વહેલી સવારે ત્રણ વાગ્યાના સુમારે ભુવનેશ્વર લક્ષ્મણભાઈ મકવાણા, આશિષ લક્ષ્મણભાઈ મકવાણા અને ગણપત નારસિંગભાઈ પલાસ આ ત્રણેય યુવાન ભંડોઈથી મેથાણ ગામે ડાંગરના ખેતરમાં ડાંગર ઝુડવા ગયા હતા અને ડાંગર ઝુડીને ઘરે પરત ફરી રહ્યા હતા ત્યારે ભંડોઈ-મેથાણ ગામની ચોકડી પાસે ઈલેક્ટ્રીક થ્રી-ફેઝ લાઈનનો વાયર અચાનક રોડ ઉપર તૂટીને પડ્યો હતો. ત્યારે આ ઈલેક્ટ્રીક થ્રી-ફેઝ લાઈનનો જીવતો વીજતાર બાઈક ઉપર પડતા ત્રણેય યુવાનોને જોરદાર કરંટ લાગ્યો હતો અને સ્થળ પર જ કમકમાટીભર્યા મોત નીપજ્યા હતા. જવાબદાર લોકો સામે કાર્યવાહી કરવા માગ આ દુર્ઘટનાને લઈ સ્થાનિક લોકો અને પરિવારજનોએ વીજ કંપની વિરુદ્ધ આક્રોશ વ્યક્ત કર્યો છે. આ સમગ્ર ઘટનાની નિષ્પક્ષ તપાસ કરીને જવાબદાર લોકો સામે કાયદેસરની કાર્યવાહી કરવાની માગ ઉઠાવી રહ્યાં છે.

---

**દિવાળીની ઘરાકી નીકળતા વેપારીઓમાં ખુશી**

## ડભોઈમાં રંગોળીના કલરો ખરીદતા નગરજનો

(પ્રતિનિધિ) ડભોઈ તા.27 ડભોઇ નગરમાં દીપાવલી પર્વે બજારોમાં ઘરાકી નીકળતા વેપારીઓમાં ખુશી જોવા મળી હતી.છેલ્લા બે દિવસથી બજારો માં ગ્રામ્ય વિસ્તારની ઘરાકી જોવા મળી હતી.લાભ પાંચમ સુધી ઘરની બહાર રંગોળી લોકો બનાવતા હોય છે. જે માટેના વિવિધ કલર ના રંગો ખરીદવા માટે નગરજનો તેમજ ખાસ કરીને બહેનો અને મહિલાઓ રંગો ખરીદવા માટે બજારમાં ઊમટી પડી હતી. જેને લઈને રંગોળી ના કલર વેચતા વેપારીઓ માં આનંદ છવાઈ ગયો હતો.નગરના મુખ્ય બજારમાં આજરોજ ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. ડભોઇ પોલીસ દ્વારા બજારમાં ટ્રાફિકને હળવો કરવામાં આવ્યો હતો.



દર્ભાવતિ નગરી તરીકે ઓળખાતી ડભોઇ નગરીમાં એકા એક ચહલ-પહલ વધી જતા મુખ્ય બજારોમાં ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. લાભપાંચમ સુધી ઘરની બહાર ઓટલા પર દરેક લોકો રંગોળી બનાવે છે. જેના રંગ ખરીદવા લોકો આજે મુખ્ય બજાર વિસ્તારની દુકાનો માં પહોંચી ગયા હતા. રંગોળી અવનવી બનાવવા માટે તેમાં પુરવા માટે જોઈતા વિવિધ રંગો ખરીદવા ખાસ કરીને બહેનો તેમજ મહિલાઓ આજે દુકાનો પર નજરે પડતી હતી. અવનવી ડિઝાઇનો બનાવી તેમાં રંગો પુરી રંગોળી બનાવે છે.

---

**પરિજનો વતનમાં હતા, તેની એકલતાનો લાભ ઉઠાવી ચોરી કરી**

# લીમખેડાની હાઈવે હોટલ શ્રીરામનાં માલિકના ઘરે ચોરી

**અકસ્માતમાં** પાંચ વ્યક્તિઓ ના કરૂણ મોત નિપજયા હતા



(પ્રતિનિધિ) લીમખેડા તા.27 પડતાં પર પાટું જેવા હાલ ચાર દિવસ પહેલા જ શ્રી રામ હોટલના માલિક સહિતના એકજ કુટુંબ ના અકસ્માત માં પાંચ વ્યક્તિઓ ના કરૂણ મોત નિપજયા હતા પરિજનો વતનમાં હતાં તેનો લાભ ઉઠાવી ચોરોએ ચોરી કરતા લીમખેડા વિસ્તારમાં સન્નાટો વ્યાપી ગયો હતો લોકો ના ટોળેટોળાં ઉમટી પડ્યા હતા.

પ્રાપ્ત વિગતો અનુસાર લીમખેડા નજીક હાઈવે રોડ આવેલી શ્રી રામ હોટલના માલિક પ્રતાપ ભાટી તથા તેમની પત્ની સહિત એકજ કુટુંબના છ જેટલા વ્યક્તિ ઓ રાજે સ્થાન ના સિરોહી શહેર નજીક માર્ગ અકસ્માતમાં મોત નિપજયા હતા જેથી પ્રતાપ ભાટી ના પુત્રો તથા કુટુંબીજનો વિધિ માટે વતન માં હતા તેનો એકલતા નો લાભ ઊઠાવી શ્રી રામ હોટલના માલિક ના મેડા ઉપર ના મકાન માં તમામ રૂમો ના તાળાં તોડી રૂમમાં તિજોરી તોડી સામાન વેરવિખેર કરી નાખી તસ્કરો નાસી ગયા હતા કેટલા રૂપિયા ની ચોરી થઇ તેતો પરીજનો આવ્યા પછી ખબર પડશે બનાવની જાણ લીમખેડા નગરમાં થતાં નગરમાં સન્નાટો છવાઈ ગયો હતો અને લોકો ના ટોળા હોટલ પર દોડી ગયા હતા લીમખેડા પોલીસ પણ ઘટના સ્થળે દોડી જઇ તપાસ હાથ ધરી હતી તેમજ ફીગંર પ્રિન્ટ ડોગ સકોડ વિગેરે ને બોલાવવાની તજવીજ હાથ ધરી છે.

---

**વેગેનાર ગાડીમાં વિદેશી દારુનો જથ્થો ઝડપાયો**

## વડુ પોલીસે ફિલ્મી ઢબે રૂા. 63 હજારનો દારૂ ઝડપી પાડ્યો

(પ્રતિનિધિ) પાદરા તા.27 પાદરા ના વડુ અંધારીપુરા ગામ પાસેથી ખેતરમાંથી વગર પાસ પરમીટે ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલના નંગ -૯૨, કિંમત રૂપિયા ૬૩૧૧૨/- તેમજ તૂટી ગયેલી બોટલ નંગ-16 તેમજ વેગેનાર ગાડી ૨ લાખ મળી કુલ ૨૬૩૧૧૨/- ના મુદ્દામાંલ તેમજ ગાડી ચાલક વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી હતી. પોલીસ બાતમી ના આધારે વેગેનાર ગાડી નો ફિલ્મી ઢબે પીછો કરતા ચાલકે ગાડી ખેતરમાં ગુસાડી દઈ રેડ દરમ્યાન ચાલક ફરાર થઇ ગયો હતો. જેને પકડવા પોલીસે ચક્રો ગતિમાન કરેલ છે.

વડુ પોલસ સ્ટાફ ના અશોકભાઈ, શેધાજી અને ભાવેશભાઈ દિવાળીના તહેવારના અનુસંધાને ખાનગી વાહનમાં પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન વડુના પીઆઇ એમ આર ચૌધરીને મળેલી બાતમી આધારે વેગેનાર ગાડીમાં વિદેશી દારુ નો જથ્થો ભરી જંબુસર તરફ જઈ રહેલ છે જે બાતમીના આધારે વડુ પોલીસ સ્ટાફે અંધારીપુરા કેનાલ ચાર રસ્તા ઉપર વોચ ગોઠવી હતી તે દરમિયાન વેગેનાર ગાડી ચાલક અંધારીપુરા આવતા ગાડી ઉભી રાખવા ઈશારો કરતા વેગેનાર ગાડી ચાલાક પૂર ઝડપે ભગાડી જતા વડુ પોલીસે ફિલ્મી ઢબે ખાનગી વાહનમાં ગાડીનો પીછો કરતા ગાડી જંબુસર રોડ ઉપર આવેલ રીવુલીસ કંપની નજીકમાં ચાલકે સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવતા ગાડીને રોંગ સાઈડમાં હંકારી 4 ફૂટ જેટલા નીચે આવેલા ગલકાના ખેતરમાં ઉતારી ફરાર થવા લાગેલ અને વાવેતર વાળા ખેતરો તેમજ મોટા જાડી જાખરા માં નાસી ગયેલ તેમજ વેગેનાર ગાડી ખેતરમાં ફસાઈ જતા ગાડીમાં કેટલીક દારૂની બોટલો ફૂટી ગયેલ હતી. પોલીસે આ દારુ કોનો હતો, ગાડી કોની છે અને દારૂ કોને મંગાવ્યો હતો અને ક્યા લઈ જવાનો હતો તે દિશા માં વધુ તપાસ હાથ ધરી હતી.

---

## ડભોઈના ફરાર આરોપીને કસ્ટડી ભેગો કરાયો

(પ્રતિનિધિ) ડભોઈ તા.27 ડભોઇ પોલીસ સ્ટેશનમાં વર્ષ 2018 મા ભારતીય બનાવટ ના વિદેશીદારુ ની હેરાફેરી ના ગુંન્હા મા ભાગેડુ આરોપી ની તપાસ હાથ ધરી હતી. જેથી બાતમી આધારે મોરબી જીલ્લાના હળવદના દેવીપુરા ગામે ખેતરના કુવાની ઓરડી પર રહેતા આરોપીનુ મોબાઈલ લોકેશન ટ્રેસ કરી ઝડપી પાડી ડભોઇ લાવી કસ્ટડી ભેગો કરી આગળ ની તપાસ હાથ ધરેલ છે.

વડોદરા જીલ્લા પોલીસ વડા ની સુચના અનુસાર ડભોઇ વિભાગીય નાયબ પોલીસ અધિક્ષક આકાશ પટેલ ના આદેશ મુજબ ડભોઇ પોલીસ સ્ટેશન મા નોધાયેલ ગુંન્હા મા નાસતા ફરતા આરોપીઓ ની તપાસ હાથ ધરી હતી. આરોપીનુ મોબાઈલ લોકેશન ટ્રેસ કરી ઝડપી પાડી ડભોઇ લાવી કસ્ટડી ભેગો કરી આગળ ની તપાસ હાથ ધરેલ છે. દેવીપુરા ગામે પહોંચી આરોપીને દબોચી લીધો હતો. જેને ડભોઇ લાવી કાયદેસર ની કાર્યવાહી સાથે કસ્ટડી ભેગો કરી આગળ ની તપાસ હાથ ધરેલ છે.

---

## હાલોલ ખાડાઓનું શહેર બન્યું, અકસ્માતની ભીતિ

(પ્રતિનિધિ) હાલોલ તા.27 હાલોલ નગર ખાડાઓનુ શહેર બન્યું વડોદરા રોડ પર બસ સ્ટેન્ડ સામેના મુખ્ય રોડ પર એક સપ્તાહમાં ત્રીજીવાર રોડ બેસી જતા ખાડો પડ્યો, સર્જાઈ અકસ્માતની ભીતિ.

હાલોલ શહેરના તમામ મુખ્ય માર્ગો સોસાયટી ફળિયાઓ ગલી બજારોમાં આવેલા તમામ રોડ રસ્તાઓ હવે ખાડાઓના પર્યાય બની ચૂક્યા છે જેને લઈને હાલોલના નગરજનો હવે હાલોલ શહેર ખાડાઓનું નગર બન્યું હોવાની ચર્ચાઓ કરી રહ્યા છે જેમાં નગર ખાતે આવેલા મોટાભાગના તમામ રોડ રસ્તાઓ હાલની પરિસ્થિતિમાં બદ થી પણ બદતર હાલતમાં છે જેમાં હાલોલ નગર ખાતે છેલ્લા ચાર વર્ષથી ગોકળગાયની ગતિ કરતા પણ વધુ મંદ ગતિથી



ચાલતી ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી અંતર્ગત ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી કરતા કોન્ટ્રાક્ટરની ભ્રષ્ટાચાર ભરી નીતિ અને તેને છાવરતા વહીવટી તંત્રની સદંતર લાપરવાહીના પાપે હાલોલ નગરના તમામ માર્ગો ભંગાર બની ચૂક્યા છે અને સમગ્ર હાલોલ નગર જાણે ખાડામાં હોય તેમ નગરના તમામ મોટાભાગના રોડ રસ્તાઓમાં ખાડાઓ પડ્યા છે.

---

## ધાવડીયાથી પોષડોડાનો રૂા. 12.95 લાખનો જથ્થો જપ્ત

(પ્રતિનિધિ) દાહોદ તા.27 દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના ધાવડીયા ચેકપોસ્ટ ખાતેથી દાહોદ એલસીબી પોલીસે એક પીકઅપ ફોર વ્હીલર ગાડીમાંથી પોષડોડાનો જથ્થો કિંમત રૂા.૧૨,૯૫,૭૬૦ની કિંમતના જથ્થા સાથે આંતરરાજ્ય મધ્યપ્રદેશના મંદસૌરથી સૌરાષ્ટ્રમાં પોષડોડાની ગેરકાયદેસર હેરાફેરીનો પર્દાફાર્શ કરી હેરાફેરી કરાવનાર મુખ્ય સુત્રધાર તથા સંડોવાયેલ એક મહિલા સહિત કુલ ચાર આરોપીઓને ઝડપી પાડી જેલના સળીયા પાછળ ધકેલી દીધાંનું જાણવા મળે છે.

પોલીસ દ્વારા પીકઅપ ફોર વ્હીલર ગાડીમાંથી અફીણના જીંડવા (પોષડોડા) ના થેલા નંગ.૨૨ કિંમત રૂા.૧૨,૯૫,૭૬૦નો જથ્થો કબજે કરવામાં આવ્યો છે.

---

### કાલોલમાં દિવાળી નજીક હોવા છતા બજારોમાં મંદીનો માહોલ, વેપારી આલમમાં ચિંતાનું મોજુ



**કાલોલ :** પ્રકાશનુ પર્વ એટલે દિવાળી દિવાળીના હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે હવે તહેવાર મનાવવા માટે લોકો કપડા લઈને ઘરે સુશોભનની વસ્તુઓની પણ ખરીદી કરતા હોય છે ત્યારે આ વર્ષે કાલોલ શેહરના બજારમાં મંદીનો માહોલ જોવા મળી રહ્યો છે.આ વર્ષની દિવાળી કેવી રહેશે તેની હવે વેપારીઓ ચિંતા કરી રહ્યા છે.વર્ષો જુના પહેલા ધમધમતા મેનબજાર,નવી પોસ્ટ ઓફીસ,રબાંની મસ્જીદ અને બસસ્ટેન્ડ રોડ પાસે આવેલા બજારોમાં લોકો નાનામાં નાની વસ્તુથી લઈને મોટામા મોટી વસ્તુની ખરીદી કરવા માનવ મહેરામણ ઉમટી પડતું હોય છે.તેહવાર જેવુ કઇ જોવા મળતું નથી વેપારીઓ રાતા પાણીએ રડી રહ્યા છે. ત્યારે લોકો ખરીદી કરવા આવે છે પણ માત્ર જોઈને પરત ફરે છે. આ વર્ષે ભારે વરસાદ વરસતા ખેડૂતોનાં પાક નિસ્ફળ જતા કાલોલ શાકભાજી સહિત ખેડૂતોની આવકમાં ઘટાડો નોંધાતા ગ્રામ્ય વિસ્તારોમાં તેમજ કાલોલ શહેરમાં મધ્યમ વર્ગની હાલત બાર સાધે તેર તૂટે જેવી થઈ છે.

---

## પાદરામાં રૂા. ૩૦ લાખના ખર્ચે વોટર ATM સેન્ટરનું લોકાર્પણ

(પ્રતિનિધિ) પાદરા તા.27 પાદરા નગર ના વિવિધ ચાર વિસ્તારોમાં શુદ્ધ પીવા ના ઠંડા પાણી માટે અંદાજીત રૂ.૩૦ લાખ ના ખર્ચે વોટર ATM સેન્ટર નું લોકાર્પણ પાદરા ના ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલા દ્વારા કરવામાં આવ્યું હતું.

પાદરા નગર પાલિકા દ્વારા સરકાર ની વિવિધ ગ્રાન્ટ માંથી વિકાસ ના થયેલા કામો નું લોકાર્પણ કરવામાં આવ્યું જેમાં શુદ્ધ પીવા ના પાણી માટે વોટર



ATM ચાર સ્થળો એ ધારાસભ્ય ના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. પાદરા નગરપાલિકા હદ વિસ્તારમાં નાગરિકોની સુખાકારી અન્વયે નાગરિકોને સ્વચ્છ પાણી મળી રહે તે હેતુસર ચાર વોટર એટીએમ નું લોકાર્પણ રૂપિયા 30 લાખના ખર્ચે ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલા દ્વારા કરવામાં આવી હતી.

નગરપાલિકા હદ વિસ્તારમાં પાણી પુરવઠો પૂરો પાડવામાં આવે છે પાણી આશરે 2800 થી 3200 ટીડીએસ નું પાણી આવતું હોવાથી સામાન્ય નાગરિકોને પાણી પીવાથી નુકસાન પામે તેમ હોય તે અંગે ની રહુઆત પાદરા ધારાસભ્ય ને નગરજનો દ્વારા કરવામાં આવી હતી.

---

## દાહોદમાં 1 વર્ષ પૂર્વે બનેલી અપહરણની ઘટનાની ફરિયાદ

(પ્રતિનિધિ) દાહોદ તા.27 દાહોદ શહેરના બસ સ્ટેશન ખાતેથી આજથી એક વર્ષ પુર્વે એક ૧૬ વર્ષિય સગીરાનું લગ્નની લાલચે ખેડા જિલ્લામાં રહેતાં એક યુવકે સગીરાનું અપહરણ કરી લઈ જઈ શરીરાની મરજી વિરૂધ્ધ દુષ્કર્મ આચરતાં આ મામલે એક વર્ષ બાદ પોલીસમાં ફરિયાદ નોંધાયાંનું જાણવા મળે છે.

ગત તા.૦૪.૧૧.૨૦૨૩ના રોજ દાહોદ તાલુકામાં રહેતી એક ૧૬ વર્ષિય સગીરાનું ખેડા જિલ્લામાં કઠલાલ તાલુકામાં પોરડા ફાગવેલ ગહામે રહેતો જયેશભાઈ નટવરભાઈ રાઠોડ દ્વારા સગીરાનું દાહોદ શહેરના બસ સ્ટેશન ખાતેથી લગ્નની લાલચે અપહરણ કરી લઈ ગયો હતો. સગીરાનું અપહરણ કરી આ યુવકે પોરડા ફાગવેલ ખાતે લઈ જઈ સગીરાની મરજી વિરૂધ્ધ અવાર નવાર દુષ્કર્મ આચર્યું હતું. કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.